# તવાને કારણે ઢોંસાની કિંમત વધુ : રાજન



**કોચિ :** આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજનને ગત રાતે એક રસપ્રદ સવાલ પૂછવામાં આવ્યો હતો. આ સવાલનો જવાબ પણ તેમણે ખૂબ જ રસપ્રદ રીતે આપ્યો હતો. એક વિદ્યાર્થીએ તેમને સવાલ પૂછ્યો હતો કે આરબીઆઈ દ્વારા મોંઘવારી કાબૂમાં કરવાની વાત કરવામાં આવી રહી હોવા છતાં શા માટે સાઉથ ઈન્ડિયન ડિશ ઢોંસાની કિંમત સતત વધી રહી છે. વિદ્યાર્થીઓને જવાબ આપતા રાજને જણાવ્યું હતું કે આ માટે તવો જવાબદાર છે. ઢોંસાની વધુ કિંમત માટે પરંપરાગત તવો જવાબદાર છે.

**તવાને કારણે ઢોંસાની...**

પરંપરાગત તવાને આપણે ટેક્નોલોજી દ્વારા અપગ્રેડ કર્યો નથી. આ કારણે ઢોંસા બનાવવામાં ખૂબ જ સમય અને શક્તિ લાગે છે. આ સિવાય ઢોંસા બનાવનારનું સ્કિલિંગ પણ થયું નથી. આ કારણે તે પરંપરાગત રીતે ઢોંસા બનાવે છે. જોકે તેમની સંખ્યા ખૂબ જ ઓછી છે. આ કારણે ઢોંસાની કિંમત વધુ છે અને તેની કિંમતોમાં પણ સતત વધારો થતો રહે છે.

ઢોંસા બનાવનારની મજૂરી વધુ

ગવર્નરએ કહ્યું હતું કે ઢોંસા બનાવનારની મજૂરી સતત વધી રહી છે. કેરળ જેવાં રાજ્યો જ્યાં આમ પણ મજૂરી વધુ છે ત્યાં ઢોંસાની કિંમત વધારવા સિવાય કોઈ ઉપાય નથી. આ જ પ્રકારની હાલત અન્ય રાજ્યો અને શહેરોની છે. કેટલાક જ લોકો ઢોંસા બનાવવામાં કાબેલ છે, આથી

**પરંપરાગત ટેક્નોલોજીથી નહીં ચાલે કામ :** રાજને જણાવ્યું હતું કે ઢોંસા બનાવવાની ટેક્નોલોજીમાં કોઈ પણ બદલાવ આવ્યો નથી. હજુ સુધી તેને બનાવનાર વ્યક્તિ તેને પરંપરાગત રીતે જ બનાવે છે. આ પ્રક્રિયામાં હજુ સુધી કોઈ ફેરફાર થયો નથી. આ પરંપરાગત ટેક્નોલોજીથી હવે કામ ચાલશે નહીં. રાજનને આ અંગેનો સવાલ ફેડરલ બેન્કના એક પ્રોગ્રામમાં એક એન્જિનયરિંગના વિદ્યાર્થીએ પૂછ્યો હતો. તેમણે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે હાલ જ્યારે મોંઘવારી વધી રહી છે એટલે ઢોંસાની કિંમતો પણ વધી રહી છે. જોકે મુશ્કેલી એ વાતની છે કે મોંઘવારી ઘટ્યા બાદ પણ તેની કિંમતોમાં ઘટાડો કેમ થતો નથી વિદ્યાર્થીએ રાજનને સવાલ કરતા જણાવ્યું હતું કે અમારા માનીતા ઢોંસાને શું થયું છે, સર ?

હાલ જમાનો ટેક્નોલોજીનો છે. ટેક્નોલોજીની મદદથી હાલ કોઈ પણ માણસ કોઈ પણ કામ કરી શકે છે. ઉદાહરણ તરીકે અગાઉ બેન્કનું અલગ-અલગ કામ કરવા માટે અલગ લોકો હતા. જોકે હાલ બેન્ક કલાર્ક પણ ઘણા પ્રકારના કામ કરી લે છે. આ કારણે જે સેક્ટરની ટેક્નોલોજીમાં સુધારો નહીં થાય તેની સાથે સંકળાયેલી સર્વિસીસ અને પ્રોડક્ટની કિંમત ઓછી થશે નહીં. આ જ બાબત ઢોંસાને લાગું પડે છે.